**ખુબજ અગત્યનું / સમય મર્યાદિત**

**ફકત ભાવનગર  શહેરની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટેજ**


## જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ) ની કચેરી

**જિલ્લા સેવા સદન-૨, એનેક્ષી બિલ્ડિંગ બહુમાળી ભવન, ભાવનગર.**

**ફોન : ૦૨૭૮-૨૪૨૨૬૯૬**  **e-mail : dydir-dc-sw-bav@gujarat.gov.in**


નં.જિનાનિ/વિ.જા/જાતિપ્રમાણપત્ર/૨૦૧૯-૨૦/ [illegible]   તા. ૨૬/૦૬/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

........................................

........................................

તા. જિ. ભાવનગર


જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
ભાવનગર
આવક નં. ...૩૩૫૩
તારીખ : ...૩/૭
શાખા : ... [illegible]


**વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં ભાવનગર  શહેરની તમામ શાળાઓમાં ધોરણ ૧૦ અને ૧૨ મા અભ્યાસ કરતા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને બિન અનામત વર્ગના વિધાર્થીઓને શાળા મારફત જાતિ પ્રમાણપત્ર આપવા બાબત.**

આથી ભાવનગર  શહેરની ગુજરાત બોર્ડ અને સેન્ટ્રલ બોર્ડની તમામ શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે શાળા મારફત જાતિ પ્રમાણપત્ર માટે

૧. સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૦/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઇ પ્રમાણે ચાલુ વર્ષ ૨૦૧૯-૨૦ માં ધોરણ ૧૦ અને ૧૨ મા અભ્યાસ કરતા <u>સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ</u> (બક્ષીપંચ)ના વિધાર્થીઓને ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના બોર્ડના પરિણામની સાથે જ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા શિક્ષણ વિભાગ અને મહેસુલ વિભાગ સાથે પરામર્શ કર્યા બાદ  સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સામેલ યાદી મુજબની ૧૪૬ જાતિઓ માટે જાતિ પ્રમાણપત્ર આપી દેવાની યોજના અમલમા મુકવામા આવેલ છે,

૨. સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૩૦/૦૫/૨૦૧૮ ના ઠરાવની જોગવાઇ પ્રમાણે ચાલુ વર્ષ ૨૦૧૯-૨૦ માં ધોરણ ૧૦ અને ૧૨ મા અભ્યાસ કરતા <u>બિન અનામત</u> વર્ગના વિધાર્થીઓને ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના બોર્ડના પરિણામની સાથે જ બિન અનામત જાતિઓ માટે જાતિ પ્રમાણપત્ર આપી દેવાની યોજના અમલમાં છે. આમ બંને ઠરાવોની જોગવાઇ મુજબ ભાવનગર  શહેરની તમામ શાળાઓએ વહેલી તકે સા.શૈ.પ.વ. અને બિનઅનામત વર્ગના જાતિ પ્રમાણપત્રની નિયત નમુનામા દરખાસ્ત નીચે જણાવેલ વિગતો ધ્યાને લઇને અત્રેની કચેરીમા મોકલી આપવા માટે ગંભીર નોંધ લેવા વિનંતી છે. ચાલુ વર્ષે આ કામગીરી દીવાળી વેકેશન પહેલા પુરી કરવાનું આયોજન છે, જેથી સહકાર આપવા વિનંતી.

૩. ગત વર્ષે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિઓ માટે જાતિ પ્રમાણપત્ર આપવાની કામગીરી તમામ શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકગણ અને બિન શૈક્ષણિક કર્મચારીઓના સહયોગથી સફળતા પુર્વક પાર પાડવામાં આવેલ છે. સુંદર સહયોગ પ્રાપ્ત થયેલ હતો, જેને કારણે ધોરણ ૧૦ અને ૧૨ ના વિધાર્થીઓને વર્ષ ૨૦૧૮-૧૯માં સફળતા પુર્વક જાતિ પ્રમાણપત્ર આપી દેવામા આવેલ છે. સરકારશ્રીનો આ યોજના પાછળનો આશય એજ છે કે

Scanned by CamScanner

વિધાર્થીના પિતા/વાલીએ કે વિધાર્થીએ જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે એક કચેરીએથી બીજી કચેરીએ ધક્કા ખાવા ન પડે. આપ સૌના સહકારથી આપના વિદ્યાર્થીઓને સમયસર જાતિપ્રમાણપત્ર આપી શકાય.

**દરખાસ્તો તૈયાર કરતી વખતે નીચેની સુચના ખાસ ધ્યાને લેવા વિનંતી.**

**(સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ /બિન અનામત વર્ગો માટે)**

**→અરજી પત્રક બાબતે --**

૧. નિયત અરજી પત્રક પરિશિષ્ટ-૧ વિધાર્થી / તેના પિતા / વાલી પાસે તૈયાર કરાવવાનુ છે. શક્ય છે કે ઘણાં વાલીઓ આ અરજી પત્રક ભરવા સક્ષમ નહી પણ હોય, આવા સંજોગોમાં શાળાના આચાર્યશ્રીઓને ખાસ વિનંતી છે કે તેમની શાળાના શિક્ષકો આ અરજી પત્રકો તૈયાર કરાવવામાં વિધાર્થી / વાલીને માર્ગદર્શક બની રહે અને અરજી પત્રક ભરવામાં મદદરૂપ થાય એવી અપેક્ષા સેવવામાં આવે છે. શિક્ષક ગણ પોતાના વિધાર્થીનુ હિત સારી રીતે સમજી શકે છે એટલા માટેજ આ કામગીરીમાં તેમનુ માર્ગદર્શન અને મદદગારી બન્ને જરૂરી છે.

૨. અરજી પત્રકમાં તમામ કોલમો ભરવામાં આવે તેમાં પાના નં.-૨ ઉપર બાહેધરીની નીચે અરજદાર એટલેકે વિધાર્થીની પુરી સહી થાય અને તેના પિતા / માતા / વાલી ની સહી થાય તેમજ સ્થળ અને તારીખ દર્શાવવી જરૂરી છે.

૩. અરજી પત્રક સાથે વિધાર્થી જે શાળામાં ભણતો હોય તે શાળાએ બોનાફાઇડ સર્ટીમાં વિધાર્થીનુ પુરૂ નામ, જન્મ તારીખ, જન્મ સ્થળ, જનરલ રજીસ્ટર નંબર અને જનરલ રજીસ્ટર મુજબ જાતિ અને ધર્મ દર્શાવવાનો છે. તેમાં નીચે આચાર્યશ્રીના સહી અને સિક્કા તેમજ ઇસ્યુ કર્યા તારીખ હોવી જરૂરી છે.

૪. વિધાર્થીઓના આધાર ઉપરાંત તેના પિતાના શાળા છોડયાના પ્રમાણપત્રની જાતિ સ્પષ્ટ થતી હોય તેવા પ્રમાણપત્રમાં શાળાના આચાર્યશ્રી પ્રમાણિત કરેલ નકલ રજૂ કરવાની છે. જો પિતાના પ્રમાણપત્રમાં જાતિ સ્પષ્ટ લખાયેલ ન હોય તો કાકા, દાદા, ફોઇ પૈકી કોઇપણ એકના જાતિ સ્પષ્ટ લખેલ હોય તેવા શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અથવા તેમની જાતિ સ્પષ્ટ થતી હોય તેવા ૦૧-૦૪-૧૯૭૮ પહેલાના જન્મ ધરાવતા દસ્તાવેજી પુરાવા રજૂ કરવાના રહેશે.

૫. અરજી પત્રક સાથે વિધાર્થીનુ કુટુંબ ભાવનગર જિલ્લામાં વસવાટ કરે છે તે અંગેના આધાર રૂપે રેશન કાર્ડ / ચુંટની કાર્ડ / લાઇટ બીલ / ટેલીફોન બીલ પૈકી કોઇપણ એકની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. (અરજીમાં દર્શાવેલ સરનામા મુજબ)

૬. અન્ય રાજયમાંથી સ્થળાંતરીત ઉમેદવારના કિસ્સામાં તેમનુ કુટુંબ તા. ૦૧-૦૪-૧૯૭૮ કે તે પહેલાથી ગુજરાત રાજયમાં કાયમી વસવાટ કરતા હોય તે અંગેના સરકારી રેકર્ડ આધારીત તા. ૦૧-૦૪-૧૯૭૮ પહેલાના કાયમી વસવાટના રેવન્યુ રેકર્ડ આધારીત પુરાવા રજૂ કરવાના રહેશે. અરજી પત્રક (પરિશિષ્ટ-૧ ) ના ક્રમ નંબર ૭ માં તેમના વતનનુ મુળ રાજય તેમજ ગુજરાતમાં કેટલા વખતથી વસવાટ કરે છે, તેની વિગતો રજૂ કરવાની રહે છે. વિધાર્થીનો જન્મ ભાવનગરમાં થવાથી તેઓ મુળ ગુજરાતના વતની બની જતા નથી. તેજ રીતે અરજી પત્રક ના ક્રમ નંબર ૬ માં અરજદારના પિતાનુ જન્મ સ્થળ અને મુળ વતન અવશ્ય દર્શાવવુ.

૭. આ તમામ વિગતો અરજી પત્રક સાથે જોડાયલી હોવી જરૂરી છે. અને તે પૈકી ઝેરોક્ષ નકલો શાળાના આચાર્યશ્રી દવારા પ્રમાણિત થયેલી હોવી જરૂરી છે. અરજી પત્રકમાં ઉપર જમણી બાજુએ ફોટા ની જગ્યા રાખેલ છે. ત્યાં વિધાર્થીનો પાસપોર્ટ સાઇઝનો તાજેતરનો પડાવેલ ફોટો લગાવવાનો છે અને તે ફોટા શાળાના આચાર્યશ્રીની સહિ / સિક્કાથી પ્રમાણિત કરવાનો છે આ ફોટાની બીજી કોપી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રમાં અને બિન અનામત વર્ગના પ્રમાણપત્રમાં જમણી બાજુએ ચોંટાડવાનો છે. જો શાળા દવારા સ્કેનીગ કરવાનુ શક્ય બને તો તેમ કરવુ અથવા પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોંટાડવા એ બાબતે ખાસ કાળજી લેવી કે અરજી પત્રક ઉપર અને પ્રમાણપત્ર ઉપર એક સરખા જ ફોટા હોય.

૮. બિન અનામત વર્ગો માટે તેમનુ કુટુંબ છેલ્લા પંદર વર્ષથી કે તે પહેલાથી ગુજરાત રાજયમાં કાયમી વસવાટ કરતા હોય તે અંગેના સરકારી રેકર્ડ આધારીત છેલ્લા પંદર વર્ષથી કે તે પહેલાનાં પુરાવા રજૂ કરવાના રહેશે. અરજી પત્રક (પરિશિષ્ટ-૧ ) ના ક્રમ નંબર ૭ માં તેમના વતનનુ મુળ રાજય તેમજ ગુજરાતમાં કેટલા વખતથી વસવાટ કરે છે, તેની વિગતો રજૂ કરવાની રહે છે. વિધાર્થીનો જન્મ ભાવનગરમાં થવાથી તેઓ મુળ ગુજરાતના વતની બની જતા નથી. તેજ રીતે અરજી પત્રક ના ક્રમ નંબર ૬ માં અરજદારના પિતાનુ જન્મ સ્થળ અને મુળ વતન અવશ્ય દર્શાવવુ.

Scanned by CamScanner

૯. દરખાસ્ત પત્રક Excel Sheet માં બનાવવાનુ રહેશે, એક વિધાર્થીની માહિતી Excel Sheet માં) એક જ લાઇનમા બનાવવાની રહેશે,એકથી વધુ લાઇનનો ઉપયોગ કરવો નહિ.

૧૦. વિધાર્થીના બોનોફાઇડમાં અને પિતા/વાલીના રજુ કરેલ શાળા છોડયાના પ્રમાણપત્રમાં અટક અલગ-અલગ હોય ત્યારે બન્ને અટક અમો ધારણ કરીએ છીએ તેવુ વિગતવાર સોગંદનામુ ફરજીયાત લેવુ.

૧૧. વિધાર્થીના બોનોફાઇડમાં અને પિતા/વાલીના રજુ કરેલ શાળા છોડયાના પ્રમાણપત્રમાં પિતા/ વાલીનું નામ અલગ-અલગ હોય ત્યારે નામ ફેર અંગેનું સરકારી ગેઝેટની નકલ મેળવવી ફરજીયાત છે.

૧૨. તમામ અરજી ફોર્મ ફાઇલમાં દરખાસ્તના ક્રમાનુસાર ગોઠવીને વ્યવસ્થિત ફાઇલ કરી ફાઇલ પર શાળાનુ નામ, તૈયાર કરનાર કર્મચારીનું નામ અને મોબાઈલ નંબર દર્શાવવાનો રહેશે.

૧૩. વિદ્યાર્થી હાલમાં જ્યા વસવાટ કરતા હોય તે સ્થળ,તાલુકો અને જિલ્લાની વિગત લખવાની રહેશે.

૧૪. શાળાની દરખાસ્ત ચકાસી યોગ્ય જણાયેલ અરજીની સંખ્યા ધ્યાને લઇ અત્રેથી પ્રિન્ટ કરેલા જાતિ પ્રમાણપત્રો તૈયાર કરવા શાળાને આપવામાં આવશે.

૧૫. પત્રકની વિગતો પેનડ્રાઇવ અથવા C.D.માં તૈયાર કરીને અત્રેની કચેરીને અલગથી આપવાની રહેશે.

**→જાતિ પ્રમાણપત્ર તૈયાર કરવા બાબતે**

સૌ પ્રથમ તો એ જોઇ લેવુ કે વિધાર્થીની જાતિ / જ્ઞાતિ નો સમાવેશ આ સાથે સામેલ પરિશિષ્ટ - ૩ મુજબની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૧૪૬ યાદીમાં થાય છે કે કેમ ? જો સમાવેશ થતો હોય તો તો તેમનુ કોમ્પ્યુટરરાઇઝડ જાતિ પ્રમાણપત્ર એક નકલમાં તૈયાર કરીને, જે તે અરજી પત્રક સાથે રાખવુ. **તેમાં પ્રમાણપત્ર ક્રમાંક . . . . . અને તારીખ . . . . . શાળા એ દર્શાવવાના નથી.** પહેલી લીટીમાં . . . . . જગ્યામાં ફક્ત વિધાર્થીનુ નામ દર્શાવવુ બીજી લીટીમાં . . . . . . જગ્યામાં વિધાર્થીના પિતાનુ નામ પછી અટક લખવી. વિધાર્થીનુ નામ, પિતાનુ નામ અને અટક શાળાના જનરલ રજીસ્ટરમાં લખાયેલ હોય તે મુજબ જ લખવુ. ગામ-ભાવનગર, તાલુકો -ભાવનગર, જિલ્લો - ભાવનગર લખાયેલ છે તેમાં કોઇ પણ પ્રકારનો ફેરફાર કરવો નહી. અને છેલ્લી લીટીમાં . . . . . . . જાતિ દર્શાવવાની છે. આ જાતિમાં દર્શાવ્યા મુજબ જ લખવી. દા.ત. વિધાર્થીના જનરલ રજીસ્ટર માં કોળી પટેલ લખાયેલ હોય તો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ની યાદી માં ક્રમ નં. ૩૯ મુજબ માત્ર કોળી લખવુ. વિધાર્થીના જનરલ રજીસ્ટરમાં / પિતાના એલ.સી. માં તળપદા કોળી, ચુવાળીયા કોળી લખાયેલ હોય તો ક્રમ નં. ૧૬ મુજબ - તળપદા કોળી / ચુવાળીયા કોળી લખવુ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં જે શબ્દ વપરાયા હોય તેજ શબ્દો લખવા. એજ રીતે ગોલા રાણા, મોઢ ઘાંચી, પ્રજાપતિ / કુંભાર, કડિયા વગૈરે જ્ઞાતીઓમાં પણ કાળજી લેવી. વિધાર્થીના જનરલ રજીસ્ટરમાં માત્ર રાણા લખાયુ હોય તો પિતાનો આધાર મેળવીને ગોલા રાણા દર્શાવવુ. ઉપરાંત મોઢ ઘાંચી માં વિધાર્થી / પિતામાં ઘાંચી, અમદાવાદી ઘાંચી, સુરતી ઘાંચી, મોઢ વણિક ઘાંચી લખાયેલુ હોય તો પણ મોઢ ઘાંચી લખીને જાતિ પ્રમાણપત્ર તૈયાર કરવુ. ક્રમ ન. ૯૯ ઉપર કુંભાર જાતિ અને તેની પેટા જાતિઓ દર્શાવેલ છે. ઘણાં કિસ્સામાં વિધાર્થી / પિતામાં કુંભાર -પ્રજાપતિ અથવા પ્રજાપતિ-કુંભાર લખાયેલુ હોય છે. આવા કિસ્સામાં જાતિ પ્રમાણપત્રમાં જાતિનું સોગંદનામુ મેળવીને ફક્ત કુંભાર અથવા પ્રજાપતિ લખવુ. જો એમના આધારમાં વાટલીયા કુંભાર / સોરઠીયા પ્રજાપતિ / વાટલીયા પ્રજાપતિ લખાયેલુ હોય તો એજ શબ્દો જાતિ પ્રમાણપત્રમાં લખવા. આવુજ ગુર્જર ક્ષત્રીય કડિયા / કડિયા / કડિયા કુંભાર માં અનુસરવુ. માત્ર ગુર્જર ક્ષત્રિય લખાયેલ હોય તો જાતિ પ્રમાણપત્ર તૈયાર કરવુ નહી. **ક્રમ નં.૧૪૦ કાયસ્થ અને ક્રમ નં ૧૪૪ રાજગોર ના કિસ્સામાં અરજી પત્રક સાથે તેમના પિતાનો, વિધાર્થીનો સમાવેશ પંચની સર્વે અંગેની યાદીમાં થયેલ હોય તે અંગેનુ પ્રમાણપત્ર અન્ય પછાત વર્ગો માટેનુ પંચ - બંગલા નંબર - ૨૨૮ - એ, ખ-ટાઇપ, સેક્ટર - ૧૯ ગાંધીનગર** ખાતેથી મેળવીને અસલમાં રજુ કરવાનુ રહેશે. જો આવુ પ્રમાણપત્ર ન હોય તો **કાયસ્થ અને રાજગોરની** દરખાસ્ત રજુ કરવી નહી. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી મુસ્લીમ ધર્મ વાળી જ્ઞાતિઓના કિસ્સામાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં દર્શાવ્યા મુજબજ જ્ઞાતિ લખવી. દા.ત. ક્રમ નં.૨૧ ફકીર - મુસ્લીમ, ગઘઇ - મુસ્લીમ, ક્રમ નં. ૨૪ ગળીયારા - મુસ્લીમ.

દરખાસ્તો તૈયાર કરતી વખતે નીચેની સુચના ખાસ ધ્યાને લેવા વિનંતી.

**બિન અનામત વર્ગમાં કઈ જાતિનો સમાવેશ કરવો જે નીચે મુજબ છે.**

Scanned by CamScanner

(બિન અનામત વર્ગો એટલે અનુસુચિત જાતિઓ, અનુસુચિત જન જાતિઓ અને કેંન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર હેઠળના અન્ય પછાત વર્ગો/ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો સિવાયના વર્ગો/વ્યક્તિઓને બિન અનામત વર્ગો (Unreserved Classes) ગણવાના રહેશે.)

<u>જાતિ પ્રમાણપત્ર દરખાસ્ત ફાઇલ બાબતે.</u>

આ રીતે તૈયાર કરેલ દરખાસ્તો પરિશિષ્ટ – ૫ ( પરિપત્ર સાથે રજુ Excel ફાઇલ માં નમુનો સામેલ છે.) માં (સા.શૈ.પ.વ અને બિન અનામત વર્ગ ની અલગ અલગ) દરખાસ્તમા દશાવેલ વિદ્યાર્થીના ક્રમાનુસાર ગોઠવીને વ્યવસ્થતિ રીતે ફાઇલીગ કરીને અલગ અલગ જાતિવાર ફાઇલ આ કામગીરીના જાણકાર કર્મચારી સાથે અત્રેની કચેરીમાં રૂબરૂમાં રજ કરવી. જે શાળામાં બક્ષીપંચ અંગેનુ અને બિન અનામત જાતિ પ્રમાણપત્ર મેળવવા પાત્ર કોઇ વિદ્યાર્થી ન હોય તે શાળાઓએ તાત્કાલીક **<u>નીલ - રીપોર્ટ</u>** આ કચેરીને મોકલી આપવા વિનંતી.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને બિન અનામત અંગેના મેળવવા પાત્ર તમામ વિદ્યાર્થીઓના અરજી પત્રકો મેળવી લઇને તેમની દરખાસ્ત આ સાથે સામેલ પરિશિષ્ટ - ૫ મુજબ એકંદર પત્રકમાં જાતિ વાઇઝ અલગ-અલગ તૈયાર કરીને રજ કરવી. દરખાસ્તમાં અંતે પ્રમાણપત્રની નિચે આચાર્યશ્રી ના સહિ / સિક્કા હોવા જરૂરી છે. તેમાં ક્લાર્ક કે અન્ય કોઇ વ્યક્તી એ સહી કરવાની નથી.
ચાલુ વર્ષે પણ આપનો સહકાર મળી રહેશે આ અપેક્ષા સાથે.

આપનો

(ડી.એમ.ત્રિવેદી)
જિલ્લા નાયબ નિયામક
(વિ.જા.) ભાવનગર

બિડાણ:-

૧. પ્રમાણપત્ર તૈયાર કરવા સુચના અને માહિતીની Excel File.જાતિની યાદી સાથે
૨. સા.શૈ.પ.વ. જાતિના પ્રમાણપત્ર મેળવવા માટેનું ફોર્મ
૩. બિન અનામત જાતિના પ્રમાણપત્ર મેળવવા માટેનું ફોર્મ

**નકલ સવિનય રવાના:**

૧) મે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારૂ.

૨) મે. કલેકટરશ્રી ભાવનગર તરફ જાણ સારૂ.

૩) મે. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર તરફ ભાવનગર શહેરની તમામ શાળાઓને સુચના આપવા સારૂ તેમજ વેબ સાઇટ પર મુકવા સારૂ.

૪) આચાર્યશ્રી તમામ ભાવનગર શહેરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ અને શાળાના નોટીસ બોર્ડ પર મુકવા સારૂ

ક્રમાંક:યોજના/પરચ/૨૦૧૯/૨૨૬
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા.૦૩/૦૯/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:</u>
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner

સ.મુ.ભા.-વાચ-(૧૬૬)-૧૦,૦૦૦-૬-૨૦૧૯(૧)

જાતિ પ્રમાણપત્ર નંબર : .................................... તારીખ : ..........................

**પરિશિષ્ટ - ૧**

**ગુજરાત રાજ્ય**

**આ ફોર્મ વિનામૂલ્યે આપવામાં આવે છે.**

**ફોટો**

# સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે જાતિ પ્રમાણપત્ર મેળવવા માટેનું અરજી ફોર્મ

સરકારશ્રીએ જાહેર કરેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની જાતિ પૈકી.............................. જાતિમાં મારો સમાવેશ થાય છે. મારે રાજ્ય સરકારે જાહેર કરેલ અનામત નીતિનો તેમજ મળવાપાત્ર અન્ય સહાય/ લાભ મેળવવા માટે જાતિ પ્રમાણપત્રની જરૂર છે. મારી વિગતો નીચે મુજબ છે.

મોબાઈલ નંબર : ...................................

| | | | |
|---|---|---|---|
| ૧ | અરજદારનું પુરૂ નામ/ સરનામું | : | |
| ૨ | અરજદારના પિતા / વાલીનું નામ | : | |
| ૩ | અરજદારની માતાનું પુરૂ નામ | : | |
| ૪ | અરજદારની જાતિ / પેટા જાતિ | : | |
| ૫ | અરજદારનું વતન | : | ગામ ________ તાલુકો ________<br>જિલ્લો : ભાવનગર રાજ્ય : ગુજરાત |
| ૬ | અરજદારના પિતાનું વતન | : | જન્મ સ્થળ : ________<br>મૂળ વતન : ________<br>તાલુકો : ________ જિલ્લો ________<br>રાજ્ય ________ |
| ૭ | બહારના રાજ્યના હોય તો ગુજરાતમાં વસવાટની વિગતો (મૂળ વતનનું રાજ્ય અને ગુજરાતમાં કેટલા વર્ષોથી વસવાટ છે.) | : | |
| ૮ | અરજદારના પિતાની જાતિ / પેટા જાતિ અંગેની માહિતી | : | |
| ૯ | જાતિ પ્રમાણપત્ર મેળવવાનો હેતુ | : | |
| ૧૦ | જાતિ પ્રસ્થાપિત કરવાના સમર્થન માટે રજુ કરેલા આધાર / પુરાવા, દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત.<br>(૧)<br>(૨)<br>(૩)<br>(૪) | : | |

(પાછળ)

Scanned by CamScanner

# બાંહેધરી

મારી ઉપર મુજબની તમામ વિગતો સાચી છે તેની હું ખાત્રી આપુ છું. જે ધ્યાને લઇ મને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર આપવા વિનંતી. અમોએ મેળવેલ જાતિ પ્રમાણપત્ર અધિકૃત અધિકારી દ્વારા કોઇપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટું સાબિત થાય તો મારો પ્રવેશ / નિમણુંક કોઇપણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટીસ આપ્યા સિવાય રદ થવા પાત્ર છે. અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટું પ્રમાણપત્ર / વિગતો રજુ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે.

સ્થળ : ....................................

અરજદારની પૂરી સહી :-

(નામ)....................................................

તારીખ : ..................................

પિતા / માતા / વાલીની પુરી સહી :-

(નામ)....................................................

**નોંધ : અરજી આપવા તથા જાતિ પ્રમાણપત્ર અરજદાર એ જાતે જ આવવાનું રહેશે.**

## જાતિ પ્રમાણપત્ર મેળવવા રજુ કરવાના થતા પુરાવા

(૧) જાતિ / પેટા જાતિ બતાવવામાં આવી હોય તેવું અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર અસલ તથા ખરી નકલ.

(૨) વિદ્યાર્થીના પિતા / દાદા / કાકા / કોઇ પૈકી એકની જાતિ દર્શાવતો દસ્તાવેજી પુરાવો.
સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ અસલ તથા ખરી નકલ. (તા. ૧-૪-૧૯૭૮ પહેલાની શાળામાં દાખલ તારીખવાળું.)

(૩) અન્ય રાજ્યમાંથી સ્થળાંતરીત વિદ્યાર્થીના કિસ્સામાં તા. ૦૧/૦૪/૧૯૭૮ કે તે પહેલાથી ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ હોવા અંગેના સરકારી રેકર્ડ આધારિત પુરાવા રજુ કરવાના રહેશે.

(૪) રેશનકાર્ડની નકલ.

(૫) રહેઠાણના પુરાવા તરીકે લાઇટ બીલ / ટેલીફોન બીલ / ઘરવેરા બીલ / ચુંટણી ઓળખ કાર્ડ / ડ્રાઇવીંગ લાયસન્સ વિગેરે પૈકી કોઇપણ એકની નકલ.

(૬) બે પાસપોર્ટ સાઇઝના ફોટા.

## ફક્ત કચેરીના ઉપયોગ સારૂ

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રમાણપત્રના અરજદારનું પુરૂ નામ | : | |
| ૨ | જાતિ / પેટા જાતિ | : | |
| ૩ | પ્રમાણપત્ર આપેલ હોય તો નંબર / તારીખ | : | |
| ૪ | પ્રમાણપત્ર ન આપેલ હોય તો ટુંકમાં કારણ તથા જવાબના પત્ર નંબર / તારીખ | : | |

**પ્રમાણપત્ર તૈયાર કરનાર**
**કર્મચારીનું પુરૂ નામ / સહી**

**સક્ષમ અધિકારીનું પુરૂ નામ અને હોદ્દો**
**અધિકારીની સહી અને સિક્કો**

Scanned by CamScanner

(સ.મુ.ભા)-વાય-૧૮૨-૫૦૦૦-૧૦-૨૦૧૮.

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૦/૫/૧૮ ના ઠરાવ ક્ર: સશપ/૧૧૨૦૧૮/૨૧૮૯૨૭/અ નું બિડાણ )

**જાતિ પ્રમાણપત્ર નં..............** પરિશિષ્ટ – બ

**તારીખ..........................** ગુજરાત રાજય

ફોટો

# બિનઅનામતવર્ગો માટે
# પ્રમાણપત્ર મેળવવા અંગેનું અરજી પત્રક
## (વિના મુલ્યે)

મારી.......................... જાતિનો સમાવેશ ગુજરાત રાજયના બિનઅનામત વર્ગોમાં એટલે કે અનુસુચિત જાતિઓ, જનજાતિઓ અને કેન્દ્ર સરકાર કે રાજય સરકાર હેઠળના અન્ય પછાતવર્ગો / સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગો સિવાયના વર્ગોમાં થાય છે. મારે રાજય સરકારે ગુજરાતના બિનઅનામત વર્ગો માટે જાહેર કરેલ યોજનાઓનો લાભ મેળવવા માટે પ્રમાણપત્રની જરૂર છે. મારી વિગતો નીચે મુજબ છે.

મોબાઈલ નં..........................

| | | | |
|---|---|---|---|
| ૧ | અરજદારનું પુરૂનામ / સરનામું | : | |
| ૨ | અરજદારના પિતા / વાલીનું નામ | : | |
| ૩ | અરજદારની માતાનું પુરૂં નામ | : | |
| ૪ | અરજદારની જાતિ / પેટા જાતિ | : | |
| ૫ | અરજદારનું વતન ગામ................. તા....................જિ...................... રાજય.................... | : | |
| ૬ | અરજદારના પિતાનું જન્મ સ્થળ / અને મુળ વતન............. તાલુકો............... જિલ્લો............... રાજય ................ | : | |
| ૭ | બહારના રાજયના હોય તો ગુજરાતમાં વસવાટની વિગતો (મુળ વતનનું રાજય અને ગુજરાતમાં કટેલા વર્ષથી વસવાટ છે.) | : | |
| ૮ | અરજદારના પિતાની જાતિ / પેટા જાતિ અંગેની માહિતી | : | |
| ૯ | જાતિ પ્રમાણપત્ર મેળવવાનો હેતુ | : | |
| ૧૦ | જાતિ પ્રસ્થાપિત કરવાના સમર્થન માટે રજુ કરેલા આધાર / પુરાવા, દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત.<br>(૧)<br>(૨)<br>(૩)<br>(૪) | : | |

Scanned by CamScanner

## બાહેંધરી

હું આથી પ્રમાણિત કરૂ છું કે હું અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અથવા કેન્દ્ર સરકાર કે રાજય સરકાર હેઠળના અન્ય પછાતવર્ગો / સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગો પૈકીની જાતિઓનો નથી તેમજ ઉપર દર્શાવેલ વિગતો મારી જાણકારી અને માન્યતા મુજબ સાચી છે તેમજ મારો બિનઅનામત વર્ગમાં સમાવેશ થાય છે. મેં રજુ કરેલ કોઈપણ માહિતી ખોટી કે અપૂરતી માલુમ પડશે અથવા કોઈ અયોગ્યતા સરકારી યોજનાનો લાભ લેતા પહેલા કે પછી માલુમ પડશે તો તે અને પ્રવર્તમાન કાયદા અને / અથવા નિયમો હેઠળ મારી સામે પગલા લઈ શકાશે તે હું સમજું છું. અમોએ મેળવેલ બિનઅનામતવર્ગનું પ્રમાણપત્ર અધિકૃત સતાધિકારી ધ્વારા કોઈપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટું સાબિત થાય તો મારો સરકારી યોજનાનો લીધેલ લાભ કોઈપણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટીસ આપ્યા સિવાય રદ થવા પાત્ર છે અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટું પ્રમાણપત્ર / વિગતો રજુ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા છે.

સ્થળ :............................

તારીખ :............................

અરજદારની પુરી સહી :–
(નામ) ............................................
પિતા / માતા / વાલીની પુરી સહી :–
(નામ) ............................................

### બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર મેળવવા રજુ કરવાના થતા પુરાવા :–

(૧) અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર અસલ તથા ખરી નકલ તથા દાદા, પિતા, કાકા, ફોઈ પૈકી કોઈ એકનો જાતિ પુરવાર થાય તે માટે તેનું શાળા છોડયા પ્રમાણપત્ર તથા ખરી નકલ. (૧૯૭૮ પહેલા જન્મતારીખ વાળુ)

(૨) રહેઠાણના પુરાવા :– રહેઠાણના પુરાવા તરીકે લાઈટ બીલ / ટેલીફોન બીલ / રેશનકાર્ડ / ઘરવેરા બીલ / ચુંટણી ઓળખ કાર્ડ, આધારકાર્ડ વિગેરે પૈકી કોઈપણ એકની નકલ.

નોંધ :–

૧. અરજદારને ફોટા સાથે પ્રમાણપત્ર આપવાનું હોવાથી અરજદારે પાસપોર્ટ સાઈઝના બે ફોટા સાથે સ્વયં અરજી આપવા તથા પ્રમાણપત્ર લેવા આવવાનું રહેશે.

### ફકત કચેરી ઉપયોગ સારૂ

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રમાણપત્રના અરજદારનું પુરૂં નામ | : | |
| ૨ | જાતિ / પેટા જાતિ (બિનઅનામત વર્ગ) | : | |
| ૩ | પ્રમાણપત્ર આપેલ હોય તો નંબર / તારીખ | : | |
| ૪ | પ્રમાણપત્ર ન આપેલ હોય તો ટુંકમાં કારણ તથા જવાબના પત્ર નંબર / તારીખ | : | |

પ્રમાણપત્ર તૈયાર કરનાર
કર્મચારીનું પુરુ નામ / સહી

સક્ષમ અધિકારીનું પુરુ નામ અને હોદો
અધિકારીની સહી અને સિકકો

Scanned by CamScanner

## પરિશિષ્ટ-૫

સા.શૈ.પ.વ. અને બિન અનામત બન્ને પ્રમાણપત્રોની માહિતી નીચે બતાવ્યા પ્રમાણે અલગ અલગ ફાઇલ તૈયાર કરવી.

શાળાનું નામ-.................................................સરનામું .........................................................કામ કરનાર કર્મચારીનો ફોન નંબર ..................................

| પ્રમાણપત્ર ક્રમાંક | તારીખ | વિદ્યાર્થીનું નામ અને સરનામું | જાતિ | જન્મસ્થળ | આધાર |
|---|---|---|---|---|---|
| | | રમેશ મગનભાઇ પટેલ | હિન્દુ કોળી | સુરત | વિદ્યાર્થીનું આર.ડી.કોન્ટ્રાકટર હાઇસ્કુલનું બોનાફાઈડ<br>જી.આર.નં- ૨૫૨૫ તા.૨૭/૦૭/૨૦૧૮<br>પિતાનું એમ.એમ.પી.હાઇસ્કુલ, રાંદેર, સુરતનું એસ.એલ.સી.<br>જી.આર.નં- ૨૫/૧૨૫ તા.૦૧/૦૮/૨૦૦૮<br>રેશનકાર્ડ, આધારકાર્ડ<br>(અન્ય પુરાવા ( સોગંદનામું- પેઢીનામું) જો હોય તો લખવા.) |
| | | વિદ્યાર્થીનું નામ જી.આર. મુજબ લખવુ. | | | ઉપરોક્ત ક્રમ મુજબ વિગત લખવી.<br>દરેક લાઇન ટાઈપ થયા પછી Alt + Enter દબાવી બીજી લાઇનમાં વિગત ટાઇપ કરવી, |

### પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉપરોક્ત દરખાસ્તમાં દર્શાવેલ ક્રમ નં-૦૧ થી .................. સુધીના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ / બિન અનામત વર્ગ ના વિદ્યાર્થીઓ અત્રેની શાળામાં અભ્યાસ કરે છે. તેમજ દરખાસ્તમાં દર્શાવેલ વિદ્યાર્થી સિવાય એક પણ વિદ્યાર્થીની દરખાસ્ત કરવાની બાકી રહેતી નથી. જે વિગતો સાચી છે.

આચાર્ય ની સહી/ સિક્કો

નોંધ :-
૧. જાતી પ્રમાણપત્ર બનાવતી વખતે જાતી સા.શૈ.પ.વ. ની જાતીની લિસ્ટમાં બતાવ્યા મુજબની જ લખવી.
દા.ત. વિદ્યાર્થીની જાતી જી.આર.માં કોળી પટેલ લખેલ હોય તો પ્રમાણપત્રમાં ફક્ત હિન્દુ કોળી જ લખવુ.
૨. જાતી પ્રમાણપત્ર બનાવતી વખતે પ્રમાણપત્રમાં <u>પ્રમાણપત્ર ક્રમાંક</u> અને <u>તારીખ</u> ખાલી રાખવી.
૩.વિદ્યાર્થીની તમામ વિગત excel શીટ ની એક્જ લાઇન (ROW) માં ફરજીયાત હોવી જોઇએ.
દાત. ઉપર નમુનામાં પીળા રંગમાં દર્શાવેલી માહિતી 1 (ROW) માં છે.
૪. એક કરતા વધુ ROW માં માહિતી ચાલશે નહી. જો કોઇ બાબતે સમજ ન પડે તો કચેરીનો સંપર્ક કરવો.
૫. માહિતી USB disk, PenDrive માં excel ની ફાઇલમાં લાવવી અને જે ફોન્ટમાં માહિતી હોય તે ફોન્ટ સાથે લાવવાં.
૬. ફાઇલ આપવા માટે જાણકાર કર્મચારીએ માહિતી સાથે રૂબરૂ આવવું.
૭. ઉપરોક્ત પ્રમાણપત્ર આપવુ ફરજિયાત છે.

જાતીનું લિસ્ટ જોવા અહિયા ક્લિક કરો

Scanned by CamScanner